Peace of Mind

APR 2026

Peace Of Mind - Rajkot

# Newsletter



વિશેષ અંક

# આયંબિલ ઓળી

સમણ શ્રુતપ્રજ્ઞ

આયંબિલ ઓળી એ શુદ્ધતાની એક યાત્રા છે — સરળતા, શિસ્ત અને આંતરિક મનન દ્વારા આત્માને પોષણ આપવાની પ્રક્રિયા છે.

**વિશેષ આભાર: દાતા ભારતીબેન વિનોદભાઈ મહેતા, ક્વાલાલમ્પુર**

વધારે જુઓ

## સમણજી કાર્યક્રમ

જૈસલમેર પ્રવાસ



વધારે વાંચો

અમદાવાદ પ્રવાસ



વધારે વાંચો

રાજકોટ



વધારે વાંચો

આયંબિલ ઓળી



વધારે વાંચો

# સમણજીના પ્રવાસો

## જૈસલમેર પ્રવાસ

તારીખ: 13–17 માર્ચ

સમણ શ્રુતપ્રજ્ઞાજી દ્વારા રાજસ્થાનના જૈસલમેરની મુલાકાત લેવામાં આવી. આ પ્રવાસ એક અનોખો અને સ્મરણિય અનુભવ રહ્યો — જેમાં સરહદની મુલાકાત લઈ સૈનિકો સાથે સંવાદ કર્યો, તેમજ જૈન મંદિર, પટવો કી હવેલી અને તનોટ માતાજી મંદિરના દર્શન કરીને સંસ્કૃતિ અને શ્રદ્ધાનો સુંદર અનુભવ મેળવ્યો.



જેસલમેરના દિવ્ય પરમાણુઓ




આર્મી મ્યુજીયમ - જેસલમેર

## અમદાવાદ પ્રવાસ

તારીખ: 18 માર્ચ

જયેશભાઈ શાહ અને તેમની પુત્રી શિખાએ સમણ શ્રુતપ્રજ્ઞાજી દ્વારા ધ્યાન પર પ્રેરણાત્મક પ્રવચનનું આયોજન કર્યું. તેમના સાનિધ્યમાં સુંદર માર્ગદર્શિત ધ્યાનનો અનુભવ થયો — જે ખરેખર શાંતિદાયક અને આનંદમય રહ્યો.

ધ્યાન સત્ર બાદ — શાંત મન અને ખુશચહેરા સૌના ચહેરા પર



## તત્વ નેચરોપથી, રાજકોટ

તારીખ: 22 માર્ચ

તત્વ નેચરોપથી સેન્ટર ખાતે રસિલાબેન પટેલના સ્નેહસભર આમંત્રણ પર સમણ શ્રુતપ્રજ્ઞજી દ્વારા નેચરોપથીના વિદ્યાર્થીઓ માટે *“વિશ્વના નિયમ”* વિષય પર પ્રેરણાત્મક પ્રવચન આપવામાં આવ્યું. સાથે સાથે માર્ગદર્શિત ધ્યાનનો સુંદર અનુભવ થયો, સૌએ સાથે ભોજન લીધું અને સમણજીને ગોચરી કરાવવાનો લાભ પણ મળ્યો. આ સમગ્ર કાર્યક્રમ આનંદદાયક અને આત્મિક રીતે સમૃદ્ધિ લાવનાર હતો.






## પુરુષાર્થ સ્કૂલ, ભાણવડ

તારીખ: 23 માર્ચ, 2026

સમણ શ્રુતપ્રજ્ઞજીએ પુરુષાર્થ સ્કૂલ, ભાણવડ ખાતે પ્રાર્થના સભામાં હાજરી આપી. તેમણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આયંબિલ ઓળીનો અર્થ, મહત્વ અને તેના લાભો વિષે માર્ગદર્શન આપ્યું. આ સત્રમાં આશરે 500 વિદ્યાર્થીઓ તેમજ તમામ શિક્ષકો અને સ્ટાફ હાજર રહ્યા હતા. તેના બીજા જ દિવસે 196 વિદ્યાર્થીઓએ આયંબિલનું તપ કર્યું.

## આયંબિલ ઓળી

સમણ શ્રુતપ્રજ્ઞજીના પવિત્ર સાનિધ્યમાં પુરુષાર્થ સ્કૂલમાં ત્રીજી આયંબિલ ઓળીની આરાધના થઈ. દરરોજ સરેરાશ 185 વિદ્યાર્થીઓએ આયંબિલમાં ભાગ લીધો — આ બાળકોમાંથી કોઈપણ જન્મથી જૈન નથી, છતાં આ આધ્યાત્મિક સાધનામાં તેમની ઊંડી લાગણી અને પ્રતિબદ્ધતા પ્રેરણાદાયક રહી.

હૃદયપૂર્વક આભાર: ભારતીબેન વિનોદભાઈ મહેતા (કુઆલાલમ્પુર, મલેશિયા) તથા તમામ દાતાશ્રીઓનો ભાવપૂર્વક આભાર. આપના સહયોગ વિના આ શક્ય બન્યું ન હોત.



# આયંબિલ ઓળી

## “નાના પગલા, મહાન તપ – પ્રેરણાદાયક આયંબિલ ઓળી"

તારીખ: 2 એપ્રિલ, 2026
સ્થળ: પુરુષાર્થ કેમ્પસ, ભાણવડ
પૂજ્ય સમણ શ્રી શ્રુતપ્રજ્ઞજી (પીસ ઑફ માઇન્ડ, રાજકોટ)ના પવિત્ર સાનિધ્યમાં આયંબિલ ઓળીનું પારણું ભક્તિભાવથી ઉજવાયું. કુલ 120 બાળકો અને શિક્ષકોએ સતત નવ દિવસ સુધી આયંબિલ ઓળી પૂર્ણ કરી – આજના ઝડપી યુગમાં આ ખરેખર પ્રેરણાદાયક સિદ્ધિ છે.
સૌથી સ્પર્શક ક્ષણ ત્યારે સર્જાઇ જ્યારે માતા-પિતાએ પોતાના બાળકોને પારણું કરાવ્યું – જેનાથી ભાવુક અને અવિસ્મરણીય વાતાવરણ સર્જાયું.
પ્રાર્થના સભામાં તમામ ભાગ લેનારાઓનું સન્માન કરવામાં આવ્યું, જેમાં શ્રીમતી ભારતીબેન વિનોદભાઈ મહેતા (મલેશિયા) દ્વારા સફારી ટ્રાવેલ બેગ ભેટ આપવામાં આવી, તેમજ અન્ય દાતાશ્રીઓ દ્વારા શૈક્ષણિક સામગ્રી અને ઉપયોગી વસ્તુઓનું પણ વિતરણ કરવામાં આવ્યું.



# આયંબિલ ઓળી

ખાસ નોંધનીય છે કે આયંબિલમાં ભાગ લેનાર કોઈપણ બાળક જન્મથી જૈન નહોતું – જેના કારણે આ ઘટના ભારતના શિક્ષણ ક્ષેત્રમાં ઐતિહાસિક અને અનોખી સિદ્ધિ તરીકે ઉભરી છે.




આ સફળતા સંસ્થાના ડિરેક્ટર શ્રી ભીમસીભાઈ કરમુરના દૃષ્ટિકોણ, શિક્ષકોની નિષ્ઠા, જૈન સમાજના મજબૂત સહયોગ તેમજ રાજુભાઈ ફ્રિફોદરા અને રવિનાબેનના યોગદાનથી શક્ય બની છે. આ માત્ર ધાર્મિક કાર્યક્રમ નહીં, પરંતુ શિસ્ત, આત્મનિયંત્રણ અને આધ્યાત્મિક શિક્ષણનું પ્રેરણાદાયક પ્રતિબિંબ બની રહ્યું.





કુલ આયંબિલ: ૧૨૦૦

આયંબિલ ઓળી: ૧૨૦

દરરોજ અલગ-અલગ વિષયો પર પ્રવચનો અને પ્રવૃત્તિઓ યોજાઈ

# Gratitude *for* Ayambil Odi

## Purusharth School, Bhanvad (India)

We at **Peace of Mind, Rajkot**, sincerely thank all our generous sponsors who supported **Ayambil Odi** for the students of Purusharth School, Bhanvad.

*It is inspiring that none of these students are Jain by birth,*
*yet with your support, they experienced this beautiful spiritual discipline.*
*Your kindness nourished their bodies and touched their hearts.*

### *Thank Our Wonderful Sponsors:*

1. **Main Donor:**
   **Bhartiben Vinodbhai Mehta & Family**
   *KL: Malaysia*
2. **Mita Hitesh Shah** – *Chicago*
3. **Dakshaben Ravindrabhai Sanghavi Parivar** – *Rajkot (Copenhagen/Atlanta)*
4. **Parul Paresh Shah** – *New Jersey, USA*
5. **Pinky Pinakin Matallia** – *Austin, TX*
6. **Bina Nilesh Shah** – *Chicago, USA*
7. **Heena Dipak Mehta** – *Chicago, USA*
   *(In loving memory of Late Chandrikaben H. Mehta)*
8. **Shivali Eric Gandhi (Maitri, Vansh)** – *Chicago, USA*
9. **Shikha Jayesh Shah** – *Ahmedabad*
10. **Dharmi Atul Shah** – *Chicago, USA*
11. **Shaku Umed Shah** – *Maryland, DC*
12. **Ritu Sanjay Mohnot** – *Singapore*
13. **Shardaben Chamanlal Doshi & Bhanumati Nagindas Gheewala**
14. **Manchester Tuesday Vadil Ladies Satsang Group**, *UK*
15. **Arti Subhash Choxi, Dilawar** – *USA*
16. **Rutavkimar Dharek** – *Manavadar*
17. **Asha Gosaliya Birthday** – *Chicago*
18. **Ashaben Gosaliya's Mother Puniyatithi** – *Chicago*

Your kindness, compassion, and commitment to values have made this initiative meaningful and memorable for every child involved.

✦ **Around 190 students observed Ayambil** — each one a beautiful example of inner strength and discipline.
✦ **Ages 12 to 18**, and not a single one **Jain by birth** — yet deeply connected to the spirit of this sacred practice.
✦ ✦ This is not just participation; it is transformation.
✦ You have planted seeds of **good Sanskara, spirituality, and self-discipline** that will blossom for a lifetime.

🙏 May your generosity continue to light countless hearts and guide many more souls towards such meaningful paths.

With heartfelt thanks,
**Peace of Mind, Rajkot**

Peace of Mind
Rajkot


COMING SOON
FIRST TIME IN JAIN HISTORY
Global Online
PARYUSHAN PARV 2026
(with Saman Shrutpragyaji & Ashish Mehta)
An 8-Day Transformational Spiritual Journey
From Your Home to Your Soul
September 8 – 15, 2026
Experience Paryushan in a simple, practical & powerful way
Guided by Saman Shrutpragyaji
With soulful music by Ashish Mehta
(International Singer & Composer)
What You'll Experience
Bhakti with Music
PranYog Meditation
Bhav Pratikraman
Daily Discourses
Interactive Q&A
Registration Opens: April 22, 2026
(Be ready & do on time)
Contact:
Pinky Matalia, Austin, TX: +1 (512) 769-0609
Avni Mukesh Shah, Fremont, CA: +1 (510) 449-6035
Kalpana Gandhi, New York +1 (917) 744-9138
Chanchala Mehta, Memphis +1 (901) 826-2064
Ashvin Ghelani, London, UK: +44 7519 391406
Sunil Jain, Tokyo, Japan: +81 90-1773-7588
Dilipbhai. +852 9490 4787
Sanjiv Shah, +852 9230 0676
Shreya M Doshi, +65 9235 3649
Arti Kamani, +65 9101 2221
Organized by:
Peace of Mind Yogic Center, USA
In association with Austin Jain Sangh
(pomyc.org@gmail.com)
Click Here
Peace of Mind

# કમ્પ્યુટર લેબ સમર્પણ સમારોહ

## જ્ઞાનના નવા દ્વારનું ઉદ્ઘાટન – કમ્પ્યુટર લેબ સમર્પણ સમારોહ

તારીખ: 2 એપ્રિલ, 2026

~ પીસ ઑફ માઇન્ડ ફાઉન્ડેશનના સહયોગથી કમ્પ્યુટર લેબની સ્થાપના

~ સમણ શ્રુતપ્રજ્ઞજી દ્વારા તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું

~ પુરુષાર્થ સંસ્થા માટે 33 કમ્પ્યુટરોનું દાન

~ દાતાશ્રીઓ: પારુલબેન મુકેશભાઈ કામદાર (ઓસ્ટિન) અને કાંતિભાઈ શાહ (તલસા, અમેરિકા)

~ આયંબિલ ઓળી પારણાના પાવન દિવસે ઉદ્ઘાટન

~ વિદ્યાર્થીઓના ડિજિટલ શિક્ષણ માટે સમર્પિત

~ તમામ સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર






**મુખ્યદતા પારુલબેન મુકેશભાઈ કામદાર (ઓસ્ટિન) અને કાંતિભાઈ શાહ (તલસા, અમેરિકા)**



# ત્રિ-લોકાર્પણ કાર્યક્રમ

તપોવન ખાતે ત્રિવિધ લોકાર્પણ

5 એપ્રિલ, 2026ના રોજ તપોવન ખાતે સમણ શ્રુતપ્રજ્ઞજીના પવિત્ર સાનિધ્યમાં ત્રિવિધ લોકાર્પણ સમારોહ યોજાયો.




**પુસ્તક લોકાર્પણ**

ડૉ. તુલસીદાસ કનેરિયા, નરોત્તમ પાલણ દાદા, સમણ શ્રુતપ્રજ્ઞજી અને માલદેભાઈ દ્વારા રચિત ચાર પુસ્તકોનું લોકાર્પણ કરવામાં આવ્યું.
તે અંતર્ગત સમણ શ્રુતપ્રજ્ઞજીનું "જ્ઞાન ગીતા" પુસ્તક હરીશભાઈ ધોળકિયા (ભુજ-કચ્છ) દ્વારા લોકાર્પિત કરવામાં આવ્યું અને તેમણે તે પુસ્તકનો પ્રતિભાવ પણ પ્રસ્તુત કર્યો.




**સ્પોર્ટ્સ સંકુલ**નું પ્રાયોજકત્વ મુદુભાઈ બેરા દ્વારા કરવામાં આવ્યું, જે પુરુષાર્થ સ્કૂલ અને તપોવનના વિદ્યાર્થીઓના લાભાર્થે સમર્પિત છે.



**સ્કૂલ બસનું લોકાર્પણ**

મેમ્ફિસ (ટેનેસી)ની જયાબેન વિસનજીભાઈ ગાલા દ્વારા સ્કૂલ બસનું અનુદાન આપવામાં આવ્યું. પુરુષાર્થ સ્કૂલ, ભાણવડ તથા પીસ ઑફ માઇન્ડ ફાઉન્ડેશન, રાજકોટ તરફથી આ મૂલ્યવાન યોગદાન બદલ દાતાશ્રીનો હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવે છે.






# આગામી કાર્યક્રમ

| MONTH | DATES | LOCATION |
|---|---|---|
| APRIL | 18 | એસ.જી.વી.પી ગુરુકુળ, રીબડા |
| APRIL | 19-20 | ભુજ યાત્રા |
| APRIL | 21-30 | આભાવલય રાજકોટ |
| MAY | 8-12 | ઉદયપુર, રાજસ્થાન |
| MAY | 13-20 | આભાવલય રાજકોટ |
| MAY | 22-27 | હિમાંચલ પ્રદેશ |
| JUNE - SEPT | June 29 - Sept 30 | અમેરિકા યાત્રા  |





